
# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧




હતી ચિનગારી, હવે હોળી બનીને આંચે છે,
નાચતા'તા કે'વા પ્રમાણે હવે પક્ષ નાચે છે,
રાચે ધનના ઢગલે, લાંચે ખૂબ મિડિયાને -
હવે 'ભાગવત' સાંભળે છે ને ભેંસ વાંચે છે!
(નમો, નમો કરવાનું આપણું કામ નથી)
- ભાગવતજી

### હાઈકુ

'સેવા ન શિસ્ત'
કમાઉ દીકરાને -
મળે ટિકિટ!

કરે છે મ્યાંઉ!
એના પાલકને ય -
સંઘની બિલ્લી!

## ચિંતન

***કબીર ગાફિલ કયા કરૈ આયા કાલ નજીક । કાન પકરિ કે લે ચલે, અજયાહિ ખટીક ॥***

'માણસ જીવન આખું ગફલત ભર્યું, બેદરકારીથી બેપરવાહીમાં ગાફેલ રહી જાણે મોત આવવાનું જ નથી એમ સમજીને મોજ-મજ્જા-ભૌતિક સુખો-વાસના-વ્યસનોમાં જીવી કાઢે છે. જીવનને, આયુષ્યને પણ એની મર્યાદા હોય છે. જયારે કાળ-મૃત્યુ-મરણનો સમય નજીક આવે ત્યારે માણસનું મન-આત્મા જાગૃત થાય છે અને પછી મરણપથારીમાં પડ્યા પડ્યા સમગ્ર જીવનનું 'ચિત્રપટ'ની જેમ વિહંગાવલોકન કરે છે. મેં આ ખોટું કર્યું, આને અન્યાય કર્યો, મારો આ નિર્ણય યોગ્ય ન હતો વગેરે. આત્મગ્લાનિ ભર્યા વિચારો-અફસોસ સાથે સામે આવે છે પરંતુ ત્યારે રોગને કારણે હાથ-પગ-જીભ ચાલતાં નથી. યોગ્ય જ્ઞાન-સમજ વગરનું જીવન હતાશા અને દુઃખ આપે છે.'

જીવનમાં દરેક નિર્ણય-બાબતોનો સારાસાર ચકાસી ન્યાયપૂર્ણ નિર્ણય લેવો જોઇએ તો જ 'મૃત્યુ' સમયે 'શાંતિ' અને 'સંતોષ' મળે.

બાકી તો કાળ-મૃત્યુ-યમરાજ તો તેનો નિશ્ચિત સમય આવશે ત્યારે કોઇ પણ વિનંતી-પ્રાર્થના સાંભળ્યા વિના-કસાઇ જેમ બકરાને કાન પકડીને લઇ જાય એમ ક્રૂરતાથી આત્માને ખેંચીને લઇ જ જવાના છે.

માટે સંયમી-સદાચારી-અનાશક્ત ભાવે સતત મૃત્યુને નજર સામે રાખીને આચરણ-કર્મ કરવું જોઇએ.

## સુવિચાર

- કશી સમજ પડતી જ નથી, કોઇ પ્રશંસા કરે ત્યારે હવે વહેમ પડે છે કે આપણે કયાંક ફસાઇ તો નથી રહ્યા ને!! પ્રશંસા રંગમંચ પર ભજવાતી હોય અને નિંદા નેપથ્યમાં
  *- શાહબુદ્દીન રાઠોડ*
- આપણા જીવનના કલાકો અને સમયની સદીઓ વચ્ચે સગપણ રહેલું છે, કલાકોની કેળવણી યુગો દ્વારા થવી જોઇએ, અને યુગો વિષેની સમજણ કલાકો દ્વારા જ પામી શકાય
  *- સમયસૂત્ર*
- માણસોનાં અડધોઅડધ દુઃખોનું કારણ એ છે કે પોતાના ઓરડામાં શાંતિથી જેમ બેસવું એની એને ખબર નથી *- એસ. ભટ્ટાચાર્ય*
- ઝાકળની ભીનાશ, પુષ્પની કુમાશ, નવા ફુટેલા પાનની લીલી નજાકત અને ધૂમ્મસની સફેદીને હૃદયના ખલમાં લાંબા સમય સુધી મૌન સાથે ઘુંટવામાં આવે ત્યારે જે તૈયાર થાય તેને 'લાગણી' કહેવાય *- ગુણવંત શાહ*
- ઉમળકા વગરના સંબંધો કરતાં સંબંધ વગરનો ઉમળકો સારો *- રાજચંદ્ર*
- જિંદગી તો એની એજ રહેવાની છે, જાગો કે ઊંઘો... *- બારકત વિરાણી*
- સંયોગ ફૂલ છે, વિયોગ ફોરમ *- રાજચંદ્ર*

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

જીવન કેટલું લાંબુ જીવ્યા એમાં જીવનની સફળતા નથી. જીવન અને જન્મની સફળતા તો 'કેવું' જીવ્યા એના પર આધારિત છે. પશુઓ-પંખીઓ પણ એમનું નિર્ધારીત જીવન જીવી નાખે છે. કણ અને મણ તો એમને પણ જરૂરિયાત મુજબ મળી જ રહે છે. જીવનનો હેતુ-લક્ષ્ય પાર પાડવા માટે મુલ્ય-સભર 'નિયમોથી બદ્ધ જીવન જીવવું એ જ 'જીવ્યા' કહેવાય.

એક સંતનો નિયમ હતો. દિવસમાં એક જ વાર શુદ્ધ-સાત્ત્વિક અને મર્યાદિત ભોજન કરવું એ પણ સાત્ત્વિક અને સત્યવાદી ને ઘેર જ.

એક અજાણ્યા શહેરમાં પહોંચ્યા. પોતે જયાં ભોજન લઇ શકે એવો વ્યક્તિ-ઘરની તપાસ કરી એક ખેડૂત મહેનતુ-સત્યવાદી અને સંતોનું સન્માન કરે એવો હતો. ચાર પુત્રો હતા અને સંયુક્ત પરિવારમાં સુખ-સંપન્ન હતા. સંતે એને ત્યાં જવા નિમંત્રણ સ્વીકાર્યું.

સંત હજુ ભોજનના આસને બેસતા જ હતા ત્યારે સંતે પુછ્યું, તમારા પુત્રો કયાં છે? ચાર પુત્ર છે ને!!

ખેડૂતે ધીમેથી કહ્યું, બાબા! પુત્ર તો એક જ છે... ને સંત આસન પરથી ઊભા થઇ ગયા. કહ્યું મેં તો સાંભળ્યું હતું કે તમે સત્યવાદી છો, ચાર પુત્રો છે છતાં ય...

ખેડૂત વચ્ચે જ બોલ્યા. બાબા, કર્તવ્ય અને પ્રભુમય જીવન જીવતો હોય એવો એક જ પુત્ર છે... બીજા ત્રણ જીવે છે ખરા... અને સંતે ખેડૂતને વંદન કર્યા અને ભોજન લીધું.

Email - sureshchandrabhatt18@gmail.com

# ધૂળેટીમાં આર્ટીફિશીયલ રંગો વડે ચામડી બગાડવા કરતા કેસુડા વડે રંગે રમીને નિરામય, રહીએ... આનંદીત રહીએ...

## કેસુડાં નિરામય

*- ડો. કેદાર ઉપાધ્યાય*

ફાગણ-ચૈત્રનો સમય એ પરિવર્તનનો સમય છે. શિયાળા તરફથી ઉનાળા તરફનું પરિવર્તન. ગોદડા-સ્વેટર, રજાઇઓ વગેરે સંકેલાઇને માળીયામાં મુકાઇ જાય. પંખા ધીમા ધીમા ફરવા લાગે. બપોરે બહાર નીકળવાનું મન ન થાય. તથા શરબત-ઠંડા પીણા - છાશનો ઉપયોગ વધવા માંડે. પ્રકૃતિમાં ગરમાવો, ગુલમહોર અને ખાખરો, આ ત્રણેય વૃક્ષો તો સોળે કળાએ મહોરી ઉઠે. જાણે અતિ આનંદિત થઇને નૃત્યગાન કરતા હોય, અને તેના પીળા, લાલ, કેસરી ફૂલોને જયારે જોઇએ ત્યારે ભરબપોરેય આંખો ઠરી જાય, આનંદીય થઇ જવાય. વળી, એ ફલો ખરે એટલે જમીન પર રંગોળી રચાઇ જાય. આ બધું આપણાં ગાંધીનગરવાસીઓને ખૂબ ફળ્યું છે કારણ કે ગાંધીનગરના મુખ્ય માર્ગો પર જ ગરમાળાના ઘણા વૃક્ષો છે.



આ ત્રણેય વૃક્ષો પૈકી એક વૃક્ષ, ખાખરો... સંસ્કૃતમાં તેને પલાશ કહે છે. આ ૪૦-૫૦ ફૂટ ઊંચા, મોટા પાનવાળા વૃક્ષમાં કેસરીયા રંગના ફૂલો આવે. તેને કહેવાય કેસુડા. આ કેસુડાનો કેસરી રંગ ખૂબ જાણીતો છે. પૂર્વયુગમાં રાજપુતો લડાઇ પર જતા ભાલે કેસરી તિલક કરતા અને પછી કેસરીયા કરતા. કેસરીયા એટલે Do or Die. મરી જવું પણ જીત્યા વિના પાછું ન આવવું. આ કેસરી રંગ કેસુડામાંથી તૈયાર કરાતો. હોળી-ધૂળેટીમાં તે સમયથી રોળવા-રંગવા માટે ઉપયોજાતા કેસુડાને હાલ પણ Natural Colour તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. ગામડામાં નાના બાળકને કેસુડાના પાણીથી નવડાવવાનો રિવાજ છે. આ કારણે બાળકને ચામડીના રોગો થતા નથી તેમજ વર્ણસુંદર બને છે. બાળકને પેશાબ અટકી ગયો હોય તો કેસુડાના ફૂલને પાણીમાં બાફી, એ બાફેલા ગરમ ફૂલને પેઢા પર બાંધવામાં આવે છે, આથી બાળકને પેશાબ છૂટે છે. આપણા પ્રાચીન ગ્રંથો - સાહિત્યમાં જોઇએ તો કાલીદાસ, વેદવ્યાસ તેમજ ભગવાન શ્રીકૃષ્ણએ પણ કેસુડા તેમજ પલાશ (ખાખરા)નું સુંદર વર્ણન કર્યું છે. (આપણા ઇતિહાસમાં પ્લાસીની લડાઇ ખુબ જાણીતી છે. આ 'પ્લાસી' નામે જગ્યા બંગાળમાં છે. જે 'પલાશી' તરીકે ઓળખાયેલી કારણ કે ત્યાં પલાશવૃક્ષના વન હતા. હાલ પણ ઘણી જગ્યાએ ખાખરાના વન જોવા મળે છે. કેસુડા મ્હોર્યા હોય ત્યારે આવા પલાશવનનો નજારો અદ્‌ભૂત હોય છે.

પલાશવૃક્ષનું લાકડું યજ્ઞમાં હોમવા માટે ઉપયોગમાં લેવાય છે. આથી પલાશને સંસ્કૃતમાં 'યજ્ઞીય' તથા 'સમિધ્વર' (સમિધોમાં શ્રેષ્ઠ) તરીકે પણ ઓળખાય છે.

કેસુડાના ગુણો જોઇએ તો તે મધુર, ઠંડા, વાયુ કરનાર, ઝાડા રોકનાર, રક્તસ્ત્રાવ રોકનાર, ચામડીના રોગોમાં ઉત્તમ, મૂત્રકૃચ્છ, તરસ, દાહ તથા કોઢને મટાડનાર છે. ધૂળેટીમાં પલાશ પુષ્પો (કેસુડાં)થી રંગે રમવા પાછળનું વિજ્ઞાન એ જ છે કે આ કારણે ચામડી પર ઇન્ફેક્શન થવાના ચાન્સીસ ઘટી જાય છે અને જો કોઇ ઇન્ફેક્શન થયું હોય તો મટી જાય છે. આ ઉપરાંત ઉનાળાની શરૂઆત થઇ ગઇ હોઇ શરીરને ઠંડક પણ મળે છે.

કેસુડાના અમુક સામાન્ય ઉપયોગો જોઇએ તો રક્તસ્ત્રાવ (નસકોરી આદિ) થતો હોય તો કેસુડાના ફૂલને પાણીમાં ૧૦-૧૨ કલાક પલાળી, ગાળી તેમાં સાકર મેળવી પાણી-પીવાથી રાહત થાય છે. મૂત્રાવરોધ વિષે આપણે જોઇ ચુક્યા છીએ, પ્રમેહ તથા પાંડુરોગ પણ કેસુડાના પાણીને સાકર સાથે લેવાથી રાહત થાય છે. રક્તપ્રદરમાં કેસૂડા (સુકા) તથા દર્ભનું ચૂર્ણ લેવાથી રાહત થાય છે. હાલ ઓર્ગેનિક કપડાનું ચલણ છે. તેમા ચામડીના રોગો, પાડુંરોગ તથા સ્ત્રાવ અટકતો હોય તેવા રોગોમાં કપડાને કેસુડાના પાણી વડે રંગી, તે કપડાં પહેરવવામાં આવે છે.

ધૂળેટીમાં આર્ટીફિશીયલ રંગો વડે ચામડી બગાડવા કરતા કેસુડા વડે રંગે રમીને નિરામય, રહીએ... આનંદીત રહીએ...

# ઉત્તમ શાસન ચલાવનાર એ છે, જે સતત જાણે છે કે પોતે ડ્રાઈવરની સીટ પર છે પણ વાહનનો માલિક નથી, એનું કામ કુશળતાથી કોઈને તકલીફ ન પડે તે રીતે વાહનને ગંતવ્ય સુધી પહોંચાડવાનું માત્ર છે

## લોકશાહીનો અર્થ સર્યો છે ?

### અક્ષયપાત્ર

*- બકુલ દવે*

I am afraid that your attempt to democracy, we are throwing away the content of democracy.
**- S. Radhakrishnan**

(મને ભીતિ છે કે લોકશાહી બચાવવાના પ્રયત્નમાં આપણે લોકશાહીના મૂળ તત્ત્વથી વંચિત થઇ રહ્યા છીએ.)

છવ્વીસ જાન્યુઆરી, ૧૯૫૦ ના રોજ ભારત પ્રજાસત્તાક દેશ બન્યો. આજે ભારત દુનિયાની સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ છે. પરંતુ એ ગર્વની સાથે દુઃખ છે અને પીડા પણ. વસવસો એ વાતનો છે કે ખૂબ ઉંમગથી કંસાર રાંધ્યો હતો એ થૂલી કેવી રીતે બની ગયો. ડગલે ને પગલે એવું શા માટે થયા કરે છે કે આપણે લોકશાહીને સાર્થક કરી શક્યા નથી. આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણનન પ્રખર વિદ્વાન હતા. એ આર્ષદૃષ્ટા હતા. એમના શબ્દોમાં રહેલી આશંકામાં દેશના એક-એક જાગૃત નાગરિકોનો અવાજ પડઘાય છે.

એક સમયે એવો પણ હતો કે શાસક પક્ષે કોઇ સારૂં કામ કર્યું હોય ત્યારે વિરોધ પક્ષના નેતા એ કાર્યને ઉમળકાથી વધાવી લેતા અને ખુલ્લા હૃદયે તેને બિરદાવતા. વિરોધ પક્ષ ફક્ત વિરોધ જ કરે - સારૂં કામ થયું હોય તો પણ વિરોધ જ કર્યા કરે એવું સાવ ન હતું. શાસક પક્ષ દ્વારા લેવાતો કોઇ નિર્ણય બરાબર ન લાગે ત્યારે વિરોધ પક્ષના નેતા વિરોધ દર્શાવવાનું પણ ન ચૂકતા. પણ એમાંય વિવેક રહેતો. આવું સુખદ ચિત્ર હતુ સાંસદોનું. પણ ધીમે ધીમે એ ચિત્ર ધૂંધળું થવા લાગ્યું.

સંસદ એવો અરીસો છે, જેમાં દેશની ગતિવિધિનું બિંબ ઝિલાય છે. સાંસદો દેશનાં પ્રતિનિધિઓ છે. એમની નીતિ, બૌદ્ધિકતા, રાષ્ટ્રપ્રેમ અને સ્વયંશિસ્ત પરથી દેશની અસ્મિતાનું ચિત્ર ઊપસતું હોય છે. જવાહરલાલ નહેરૂ વડાપ્રધાન હતા ત્યારે એમને કહેલું, "શિસ્ત, સહનશક્તિ અને પરસ્પર આદર હોવો તો લોકશાહીની માંગ છે." લોકશાહીની ટૂંકી વ્યાખ્યા એ છે કે દેશમાં સારૂં - નરસું છે તે 'મારૂં' નહીં પણ આપણું છે. ખોટું થયું એ માટે તમે જવાબદાર અને સારૂં થાય છે એ મારા કારણે જ છે. અંગત સ્વાર્થ આવે છે ત્યારે દેશનું હિત જોખમાય છે. પગાર વધારવાની દરખાસ્ત સિવાય અન્ય કોઇ કામમાં શાસક અને વિરોધ પક્ષ વચ્ચે પ્રજાના હિતમાં કયારેય કેમ મતૈક્ય સધાતું નથી?

લોકશાહીનો અર્થ સરી પડ્યો નથી તેનું એક કારણ દેશમાં લોકો અશિક્ષિત વધુ છે અને જે ભણેલા છે તે પણ સાચા અર્થમાં શિક્ષિત નથી તે પણ છે. આજે આપણી જનતામાં એવા 'ભણેલા' લોકો છે, જે પોતાના નાનકડા ફાયદા માટે અયોગ્ય ઉમેદવારને પાંચ વર્ષ સુધી 'લોકશાહી'ના ખેલમાં નાનકડું પાત્ર ભજવવા સિવાય અન્ય કોઇ વિકલ્પ રહેતો નથી. લોકશાહીને સાર્થક બનાવવી હશે તો એમને એમની મહત્તાનું જ્ઞાન થાય, તેવી જાગૃતિ આવે તેવું થવું જ રહ્યું. એમર્સને કહ્યું છે, 'સામાન્ય લોકોમાં અસાધારણ શક્યતાઓ પડેલી હોય છે તેના પર લોકશાહી આધારિત છે.'

ઉત્તમ શાસન ચલાવનાર એ છે, જે સતત જાણે છે કે પોતે ડ્રાઇવરની સીટ પર છે પણ વાહનનો માલિક નથી. એનું કામ કુશળતાથી કોઇને તકલીફ ન પડે તે રીતે વાહનને ગંતવ્ય સુધી પહોંચાડવાનું માત્ર છે. જે.બી. કૃપલાનીના શબ્દો છે, "અજ્ઞાનતા લોકશાહીને ખોખલી બનાવી દે છે ને સંસ્કારી પણ ઢોર જેવા ગમાર બની રહે છે, જે ઢોર જેવા ગમાર લોકો દ્વારા ચૂંટાયેલી અને ઢોર જેવા લોકો માટે બનેલી હોય છે."

# ભારતની ૧૨૧ કરોડની જનસંખ્યા, એનું બાહુબળ, એનું બુદ્ધિબળ અને એનું સંકલ્પબળ ભારતનું પુનરૂત્થાન કરશે, ભારતને વિશ્વના સર્વોચ્ચ સિંહાસને આરૂઢ કરશે

## તેજકિરણોની ભૂમિ ભારત

*હર્ષદ પ્ર. શાહ*

અવનિના અસ્તિત્વથી આજપર્યંત ભારત તેજનું ઉપાસક રહ્યુ છે. અજવાળું અહિનું અધિષ્ઠાન છે. જ્ઞાનનાં તેજકિરણોથી ભારતે વિશ્વને અજવાળ્યું છે. ભારત પોઢ્યું હશે તોય પ્રકાશનું પાથરણું પાથરીને પોઢ્યું હશે. એની અસ્મિતાનું આકાશ હંમેશા તેજની ચમકતી કિનારીથી શોભતું રહ્યું છે.

નાનપણમાં બાલમંદિરમાં ગાતા એ તેજોમય કાવ્ય - પંક્તિઓ આજેય ગૂંજે છે.

***અસત્ય માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઇ જા,***
***ઊંડા અંધારેથી પ્રભુ પ્રભુ પરમ તેજે તું લઇ જા.***

ત્યારે એનો અર્થ તો ન સમજાતો, પણ આજે સમજાય છે કે એ શબ્દોમાં જીવનને ઘડવાનું કેવું અજબનું સામર્થ્ય છે! સમગ્ર સૃષ્ટિના સર્જનહાર પ્રભુ પાસેથી અપેક્ષા સેવી છે તેય કેવી! સત્યની અને તેજની. પ્રભુએ માનવને ઘડ્યો ને એમાં મૂક્યાં પાંચ તત્ત્વો - પૃથ્વી, જલ, તેલ, આકાશ અને વાયુ. સંત તુલસીદાસે ગાયું છે -

***'શિક્ષિજલપાવક ગગન સમીરા,***
***પંચતત્ત્વ યહ બના શરીરા.'***

માનવદેહ ભલે પાંચ ઘટકોથી ઘડાયો, પણ માનવજીવનને ઓપ આપનારાં સમર્થ તત્ત્વો છે - સત્ય અને તેજ. એમની આરાધનાથી માનવ માનવ બને છે, બાકી તો આપણી આસપાસની માયા અને એના કહ્યાગરા ષડ્‌રિપુ - કામ, ક્રોધ, મોહ, લોભ, મદ અને મત્સર તો માનવને સરળતાથી ઘેરી વળે છે અને દાનવત્ય તરફ દોરી જાય છે. માટે માનવ માનવ બની રહેવા સતત સત્ય અને તેજની ઉપાસના કરવી જ રહી. તો જ ષડ્‌રિપુ આઘા રહે.

મહાભારતકારે ખૂબ સરસ વાત કહી છે -

***નાસ્તિ વિદ્યાસમં ચક્ષુર્નાસ્તિ સત્યસમં તપઃ ।***

વિદ્યા સમાન નેત્ર નથી અને સત્ય સમાન તપ નથી.

ભારતીય દર્શને એમ પણ કહ્યું છે કે - ***જ્ઞાનં મનુજસ્ય તૃતીય નેત્રમ્ ।*** અર્થાત્ પાન મનુષ્યનું ત્રીજું લોચન છે. જે વિધ્વંસ નહીં સર્જન કરે છે.

આમ જ્ઞાન એ તેજનો પર્યાય છે. જ્ઞાન મનુષ્યના ટેઢામેઢા જીવનમાર્ગ પર પ્રકાશ પાથરે છે. જ્ઞાનના પ્રકાશમાં જ મનુષ્ય પોતાના અંતિમ લક્ષ્યને જોઇ શકે છે. જીવનનો પ્રત્યેક અનુભવ જ્ઞાન છે. જીવનનાં રહસ્યો સમજવામાં અને ઉકેલવામાં જ્ઞાન જ મદદરૂપ થાય છે. જ્ઞાનથી જીવન ભારરૂપ નહીં, જીવ્યા જેવું લાગે છે, જ્ઞાન શીખવે છે - પરસ્પર દેવો ભવ । સમન્વય, સહિષ્ણુતા અને ઉદારતા જેવાં લક્ષણો... જીવન મૂલ્યો 'જ્ઞાન'ની જ નીપજ છે. જ્ઞાન મનુષ્યને પ્રસન્ન રાખે છે.

આમ 'જ્ઞાન' એ જીવનની મૂડી છે, જીવન આદર્શ રીતે જીવવાની જડીબુટ્ટી છે. આથી મનુષ્યે 'જ્ઞાન' ને પોતાનું લક્ષ્યબિંદુ (FOCAL POINT) બનાવવું જોઇએ કારણ કે બધાં લક્ષ્યો એના થકી જ સિદ્ધ થાય છે. જ્ઞાનનો માર્ગ ઘણો લાંબો છે, વિકટ છે... અને માટે એના માટે એવું કહી શકાય છે -

It may be longest way;
but is, it is the only way,
it becomes the shortest way.

અત્રે ગુજરાતી ગઝલકાર મનોજ ખંડેરિયાને યાદ કરવા જેવા છે. તેઓ કહે છે -

બધાઓ હોઇ શકે, સત્યનો વિકલ્પ નથી;
ગ્રહોની વાત નથી, સૂર્યનો વિકલ્પ નથી.

જો સત્યનો વિકલ્પ નથી, તો જ્ઞાનનો પણ વિકલ્પ નથી. આધુનિક શિક્ષણપ્રક્રિયામાં માહિતીના ઢગલાને જ્ઞાન માની લેવામાં આવે છે. એથી જન્મે છે - દંભ, સ્વાર્થ અને અહંકાર. જેમાંથી આવા દૈત્યો જન્મે છે તે કદાપિ જ્ઞાન તો ન હોઇ શકે! પણ દુર્દૈવથી વર્તમાનમાં જીવતા લોકો એવા 'આભાસી જ્ઞાન'ની પાછળ પડ્યા છે. એવું જ્ઞાન શિશુનું શૈશવ ખોઇ નાખે તો ભલે, માનવમનની સંવેદનાનો સંહાર કરી નાખે તો ભલે, યુવાનીના થનગનાટને થકવી નાખે તો ભલે... પણ, આજના માણસને કોણ જાણે કેમ એ ગમે છે. કારણ કે, એ જ્ઞાનેન્દ્રિયોને દૂષિત પાણી પાઇ કર્મેન્દ્રિયોને ઉત્તેજિત રાખે છે... કારણ કે એ ભૌતિક સુખની અનુભૂતિ કરાવે છે. પોતાની ડૂંટીમાં જ કસ્તૂરી ધરબાયેલી હોય, પણ કસ્તૂરી મૃગ એને પામવા અણથક રઝળપાટ કર્યા જ કરે.

એવું કંઇક વર્તમાન ભારતનાં પ્રજાજનનું છે. એને 'ભારત'માં કંઇ જ દેખાતું નથી, પણ 'INDIA' માં બહુ બધું દેખાય છે. એથી જ તો ભારતનાં બંધારણનું પ્રથમ ધ્રુવવાક્ય - INDIA THAT IS BHARAT - બંધારણમાંથી ભૂંસવાની પ્રેરણા એને થતી નથી. એને અંગ્રેજોએ શીખવાડેલો પાઠ - 'ભારત તો મદારીઓનો દેશ છે' - 'આર્યો તો બહારથી આવ્યા....' વગેર યાદ રહે છે; પણ ભારત જ વિશ્વનું પ્રથમ વૈદિક રાષ્ટ્ર છે, વિશ્વનું પ્રાચીનત્તમ રાષ્ટ્ર છે, અહીં જ જ્ઞાનનું પ્રથમ કિરણ ફૂટ્યું, ભારતે જ સમસ્ત વિશ્વને સંસ્કૃતિ અને સભ્યતાના પાઠ શીખવ્યા.... એવું આત્મગૌરવ આજના ભારતીય જનને થતું નથી. એને પશ્ચિમના અંધાનુકરણમાં ગૌરવાનુભૂતિ થાય છે પણ મૌલિકતાના પ્રગટીકરણમાં હીનભાવની અનુભૂતિ થાય છે. આ અતિ ભયાનક વ્યાધિ છે. ઊંડી ખીણમાં પડતું મુકી આત્મઘાત કરવા જેવી આ બાબત છે...

આપણે ભારતના છીએ, ભારત આપણું છે. ભારતની બધી સારી બાબતોનું આપણને ગૌરવ હોય અને એની નકારાત્મક બાબતો આપણને ખૂંચે એ સ્વાભાવિક છે. એના દોષોની ટીકા ન હોય, એના નિરસનનો પ્રયાસ જ હોય. ભારતને આઘાત પહોંચાડનાર પ્રત્યેક ઘટના શું આપણા અંતઃકરણમાં વેદના જન્માવે છે? શું એના જન-જનના સુખ-દુઃખ સાથે આપણાં સુખ-દુઃખ જોડાયેલાં છે ખરાં? ભારતનાં જીવનમૂલ્યો, પૂર્વજો, પરંપરા, ધર્મ, સંસ્કૃતિ, ઇતિહાસ એ બધું આપણાં જીવન સાથે અભિન્ન રીતે જોડાયેલું છે. એ જ આપણું સ્વત્વ છે, એ જ આપણું સત્ત્વ છે અને એજ આપણું અધિષ્ઠાન પણ છે.

ભારત આપણી માતા છે અને આપણને એના પાલવમાં અપ્રતિમ સ્નેહ - વાત્સલ્યથી ઉછેરે છે. એના કણ-કણમાં ચૈતન્ય છે, જેની અનુભૂતિ કરવા જેટલી સૂક્ષ્મ સંવેદના આપણે વિકસાવવી જોઇએ. સાંકળની શક્તિ એની સૌથી નબળી કઠી જેટલી હોય છે, તેમ દેશની શક્તિ એના સર્વ સામાન્ય માનવી જેટલી હોય છે. આપણે બધા એના સર્વ સામાન્ય પ્રજાજનો છીએ. રાષ્ટ્રના અંગભૂત ઘટકના નાતે આપણે વિચારીએ કે શું રાષ્ટ્રે આપણા ઉપર કરેલા ઉપકારોનું ઋણ ચૂકવવા આપણે સમર્થ છીએ ખરા?

ભારત માતાના જવાબદાર સંતાન તરીકે આપણે કેટલાક ગુણોનો આવિષ્કાર પ્રયત્નપૂર્વક કરવો જોઇએ.

(૧) રાષ્ટ્રની સંપત્તિનો ક્ષય અને દુર્વ્યય અટકાવવો જોઇએ.

(૨) સ્વભાષા, સ્વભૂષા અને સ્વદેશીનો આગ્રહ સેવવો જોઇએ.

(૩) માતૃભાષા અને રાષ્ટ્રભાષાની ગરિમા જાળવવી જોઇએ.

(૪) જાતિ, પંથ, સંપ્રદાય, મત અને ભાષાના ભેદોથી ઉપર ઉઠી સામાજિક સમરસતા કેળવવી જોઇએ.

(૫) ભારતના મહાન - ગુણવાન પૂર્વજોને નવી પેઢી સમક્ષ આદર્શ (Roll Model) તરીકે ઉપસાવવા જોઇએ.

(૬) સત્ય, અહિંસા, સહિષ્ણુતા, તપ, દયા, કરૂણા અને અપરિગ્રહ જેવાં જીવનમૂલ્યોને જીવન-વ્યવહારમાં ઉતારવાં જોઇએ.

(૭) ઘોડિયાઘર અને ઘરડાઘરની સંખ્યા સમાજમાં વધે એમાં આપણું ગૌરવ નથી જ. એ માટે આપણું ઘર-પરિવાર સમર્થ બનાવવું જોઇએ, જેમાં સંસ્કારની સરિતા વહેતી હોય.

આપણે, ભારતવાસીઓ વિશ્વની સર્વાધિક તેજસ્વી. પ્રજા છીએ. આત્મહીનતા અને લઘુતાગ્રંથીનો સર્વથા ત્યાગ કરી આત્મગૌરવ અને આત્મવિશ્વાસથી જીવન ચેતનવંતુ બનાવવું જોઇએ. જયારે જયારે જગતે ભારતના ગૌરવ પર ઘા કર્યો ત્યારે ત્યારે ભારત સફાળું જાગી ગયું અને ચમત્કારીક પરિણામો આપ્યાં.

અમેરિકાના દબાણથી રશિયાએ જયારે ભારતને ક્રાયોજેનિક એન્જિન આપવાની ના પાડી દીધી ત્યારે ભારતીય વૈજ્ઞાનિકોએ અથાગ પરિશ્રમ કરી એના કરતાં ચડિયાતાં ક્રાયોજેનિક એન્જીનો બનાવ્યાં. અમેરિકાએ સુપર કોમ્પ્યુટર આપવાનાં ગલ્લાતલ્લાં કર્યા ને ભારતીય વૈજ્ઞાનિકોએ ચેતના સળવળી ઉઠી અને વિશ્વના શ્રેષ્ઠ એવા 'પરમ સંગણક તંત્ર'નો આવિષ્કાર કર્યો. વિશ્વની મહાસત્તાઓને શરમાવે એવાં ઉત્તમ મિસાઇલો - 'અગ્નિ', 'પૃથ્વી' વગેરેનું સર્જન કર્યું. આર્કીમિડીઝ જેવા ગણિતશાસ્ત્રીએ ભારતે કરેલી 'શૂન્યની શોધ' બદલ એનું ઋણ સ્વીકાર્યું હતું. આધુનિક અનુવિજ્ઞાન અને સાપેક્ષવાદ માટે આપણે આઇન્સ્ટાઇનને ભલે યાદ કરીએ, પણ 'વૈશેષિક દર્શન'માં પરમાણુ શાસ્ત્રનું જ્ઞાન આપનાર કણાદ ઋષિને ન ભૂલીએ. આધુનિક વિમાનના પ્રણેતા તરીકે રાઇટ બ્રધર્સને આપણે ઓળખીએ, પણ ભરદ્વાજ ઋષિએ 'યંત્ર સર્વસ્વ' અને 'વિમાન સંહિતા' માં વિમાન સંબંધી પીરસેલા વિશાળ જ્ઞાનનો આસ્વાદ ન ભૂલીએ. ગુરૂત્વાકર્ષણના સિદ્ધાંતને સમજાવવાનું શ્રેય આપણે ન્યૂટનને (૧૫મી સદી) ભલે આપીએ, પણ ૧૧૧૪માં જન્મેલા ભાસ્કરાચાર્યનાં 'સિદ્ધાંત શિરોમણિ' અને 'લીલાવતી' નામનાં ગ્રંથોને ન ભૂલીએ જેમાં ગુરૂત્વાકર્ષણના નિયમોની સટીક ચર્ચા છે. ત્રિકોણમીટીમાં પાયથાગોરાસનો પ્રમેય ભલે ભણાવીએ, પણ ૨૮૦૦ વર્ષ પૂર્વે થઇ ગયેલા બોધાયન ઋષિના 'બોધાયન સૂત્ર' નું સ્મરણ આપણાં વિદ્યાર્થીઓને અચૂક કરાવીએ.

**(અનુસંધાન પાના નં. ૬ પર)**

# ...મારી સાથે આમ માણસાઈની વાત કરો છો અને પેલા ભાઈ સાથે તમે કેવો વર્તાવ દાખવ્યો હતો એ ભૂલી ગયા?

## હીરાપારખુ

*- જય ગજ્જર*

"મારી પાસે પૂરતા પૈસા નથી. દશ ખૂટે છે, " ગ્રાહકે દુકાનદારને વિનંતી કરી.

"પૂરતા પૈસા નથી તો શું જોઇને ખરીદવા નીકળ્યા છો? આ કંઇ સખાવતધામ નથી." જરા ગુસ્સે થઇને દુકાનદારે માલ પાછો મૂકતાં કહ્યું.

તાળા એક પછી એક જુદા કાઢતા વિનુકાકાને દુકાનદારની તોછડાઇ ન ગમી. પેલા ભાઇ વતી દશની નોટ આપવાનું મન થઇ ગયું. પણ બે અજાણ્યા માણસોની રકઝકમાં વચ્ચે પડવાનું હિતાવહ ન જણાતાં એ કંઇ બોલ્યા નહિ.

પેલો ગ્રાહક બબડતો બબડતો ચાલ્યો ગયો.

"સાહેબ, અસલ જલારામનાં તાળાં છે, અમારે ત્યાં બનાવટ જોવા નહિ મળે." દુકાનદારે વિનુકાકા સામે જોઇ કહ્યું. વિનુકાકાએ સ્મિત વેરતાં એક પછી એક ડઝન તાળાં અલગ કાઢ્યા.

"ચારસોને ચાલીસ..." દુકાનદારે બિલ બનાવી કહ્યું.

પાકીટમાંથી પૈસા કાઢી વિનુકાકા બોલ્યા, "સોરી, મારી પાસે પૂરતા પૈસા નથી. ગમે તેમ તે બે તાળાં પાછા મૂકી દો."

"અરે કાકા, એમાં શું? કહો કેટલા ખૂટે છે?"

"ચાલીશ ખૂટે છે... પણ..."

"કશો વાંધો નહિ. એમ કરો ચાલિસ નહિ, પચાસ બાકી રાખો. બેચાર દહાજે આ બાજુ નીકળો ત્યારે આપતા જજો."

"મારા જેવા અજાણ્યા માણસ પર તમને ભરોસો છે?"

"તમે ઓછા શહેર છોડી ભાગી જવાના છો?" હસીને દુકાનદારે ઉમેર્યું, "આ દેશમાં વિશ્વાસે વહાણ ચાલતાં હતા એ કેમ ભૂલી જાઓ છો?"

"પણ જમાવો બદલાઇ ગયો છે!"

"જમાનો બદલાઇ ગયો છે, પણ માણસાઇ હજુ નથી મરી પરવારી."

"મારી સાથે આમ માણસાઇની વાત કરો છો અને પેલા ભાઇ સાથે તમે કેવો વર્તાવ દાખવ્યો હતો એ ભૂલી ગયા?"

"કશું જ નથી ભૂલ્યો કાકા. એ મારી સાથે રમત રમતો હતો. એનું જૂઠાણું હું પામી ગયો હતો. અમે વેપારી સચ્ચાઇ પારખી જઇએ છીએ. મારે મન દશ રૂપિયા કંઇ વિસાતમાં નહોતા. ભાતભાતના લોકો અહીં આવે છે. કેટલાક લોકો જુઠ્ઠું બોલી આમ બનાવટ કરે છે." મનુષ્યના હીરાપારખુ દુકાનદારના શબ્દો વિનુકાકાને સ્પર્શી ગયા.